॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# ધીરુબહેન પટેલ કૃત 'આગન્તુક' લઘુનવલની સમીક્ષા

**છરેચા અઝીઝ ઈબ્રાહીમ**

**પી.એચડી .સંશોધનાર્થી**

**સોરઠીયા નાકા ,અંજાર -કચ્છ**

**ઈમેલ :azizchhrecha@gmail.com**

૧૯૬૯માં પ્રકાશિત, ધીરુબહેન પટેલની 'આગન્તુક' એક સામાજિક લઘુનવલ છે. જેમાં લેખિકાએ આજના આ સ્વાર્થલોલુપ સમાજની, સંત અને સ્વામી પ્રત્યેની લોકોની શ્રદ્ધાની વાત સુંદર રીતે વર્ણવી છે. ધીરુબહેનની આ કૃતિ ભારતીયતાના એ તત્વોનું પણ દર્શન કરાવે છે જેની એ કાળે ભલે એટલી બોલબાલા ન હોતી જેટલી આજે છે,છતાં એટલી સુંદરતાથી તે આલેખાઈ છે કે કોઈ પણ ભારેખમ આધ્યાત્મિકતાના ભાર વિના સહજ એવી ભારતીયતાનું એમાં નિરૂપણ થયું છે. દુરદર્શન ગુજરાતી પર તે ધારાવાહિક રૂપે આવેલું .

કથાની પ્રારંભે ધીરુબહેન જે નોંધે છે એ વાત જ કથાસૃષ્ટિનું શીર્ષક કેટલું યથાર્થ છે એ સાબિત કરી આપે છે : 'રોશનીથી ઝળહળતા, ખંડમાં જામેલી મહેફિલમાં બહારના અંધકારમાંથી ઊડીને આવેલું પક્ષી એક બારીએથી પ્રવેશી બીજી બારીએથી નીકળી જાય એટલા સમયની આ વાત.'-21 શબ્દોના આ વાક્ય થકી કથાનો કાળ લઘુ બનાવાયાનું હોઈ શકે છે. 'આગન્તુક'ના જુદા જુદા પાંચ અર્થ થાય છે : આવી ચડેલું, હંમેશનું નહીં એવું. વગર નોતરે આવેલું, અતિથિ અને મુસાફર. અહીં તો આશુતોષ અને રીમા છે. ઈશાન આવી ચડેલ, વગર નોતરે આવેલ મહેમાન બની રહે છે. તેમાંય રીમા માટે તેનો આ દેર 'આવી પડેલી ઉપાધિ 'હતો.

અહી ઈશાનના આગમનથી કથાનો આરંભ થાય છે અને એના પ્રસ્થાને કથાનો અંત આવે છે. "આગન્તુક ત્રણ સગા ભાઈઓની કથા છે. તે પૈકીના બે પોતાના પરિવાર સાથે મુંબઈમાં રહે છે અને ખાધે-પીધે સુખી છે. એક ભાઈ ઈશાન કે જે પોતાની માતાના અવસાન પછી ઘર છોડીને હિમાલય તરફ જતો રહેલ. ત્યાં તેને કોઈ ગુરુજીનો ભેટો થઈ જતાં તેણે ભગવાં ધારણ કરી લીધા હતાં. ભજનોમાં તે ઈશાનબાબા તરીકે ઓળખાતો હતો.

ગુરુના અવસાન પછી સહસંન્યાસી સાથે વાંધો પડી જતાં ઈશાન સ્વેચ્છાએ ભગવાં છોડી પુનઃ સંસારી બની જાય છે. ઉત્તર કાશીથી તે સીધો પોતાના ભાઈઓ પાસે મુંબઈ જાય છે. મુંબઈમાં આવી પ્રથમ તે પોતાના મોટાભાઈ આશુતોષના ઘરે જાય છે. ઈશાન આશુતોષનો સગો ભાઈ હોવા છતાં આશુતોષ, તેની પત્ની રીમા અને સંતાનો મિહિકા અને કરણ માટે એ 'આગન્તુક 'બની રહે છે.

વાર્તાનાયક ઈશાન બી.એ. પાસ થયેલ છે. આશુતોષ-રીમાના સંતાનો માટે ઈશાન કુતૂહલનો વિષય બની જાય છે. તેઓ ઈશાનને સાધુ અંકલના નામે સંબોધન કરવા લાગે છે. થોડા દિવસમાં જ આ બંને બાળકોને સાધુ અંકલ સાથે આત્મીયતા બંધાઈ જાય છે. પરંતુ આશુતોષ અને રીમા નહોતાં ઈચ્છતા કે એમના સરખી રીતે ગોઠવાઈ ગયેલા સુખી સંસારમાં ઈશાન ધૂમકેતુ બનીને ઉપદ્રવ મચાવે. સાથે સાથે ડરતા પણ હતા કે રખે ને કોઈ એમને લાગણી વગરના કે સ્વાર્થી કહે. ઈશાન અંતે એમ કહી દે કે હું ચાલ્યો જાઉં છું. તો તેઓ બહુ ખુશ થઈ જાય એમ હતા.

'ઈશાન સાધુતા છોડી કેમ પોતાને ત્યાં આવ્યો ?' તે બાબતનું રહસ્ય આશુતોષ, નાનાભાઈ અર્ણવ અને રીમાને સમજાતું ન હતું. કદાચ આથી જ રીમા ઈશાનને પોતાના ઘરેથી ઝડપથી વિદાય કરવા ઇચ્છતી હોય છે. રીમાના પુત્ર કરણને સાધુ અંકલની ગાઢ માયા બંધાઈ ગઈ હોય છે. એક દિવસ તેને માથાનો દુઃખાવો થતાં તે સાધુઅંકલને કહે છે. ઈશાન તેને બેસાડી ધ્યાન ધરવાનું શીખવે છે. રીમા આ જોઈ જતાં ગુસ્સે થઈ ઉઠે છે. તે પોતાના પતિ આશુતોષ સમક્ષ ફરિયાદ કરે છે કે, "જો તમારો ભાઈ હવે વધુ દિવસો આપણે ત્યાં રહેશે તો નક્કી આપણો કરણ પણ સાધુ બની જશે.'

રીમાના કકળાટથી કંટાળી આશુતોષ એક દિવસ ઈશાનને નાનાભાઈ અર્ણવને ત્યાં મૂકી જાય છે. અર્ણવનો ફ્લેટ વિશાળ છે. એમ છતાં અર્ણવની પત્ની શાલ્મલી પોતાના દેરને તેના ઘરે નોકરના બંધિયાર અને અંધારિયા રૂમમાં ઉતારો આપે છે. ઈશાન આ બધું સમજતો હોવા છતાં મૌન ધારણ કરી બધું જોયે રાખે છે. શાલ્મલીને હતું કે ઘરઘાટીની રૂમમાં ઉતારો આપીશ એટલે ઈશાન ભાગી જશે. પણ આ તો સાચો સાધુ નીકળ્યો. તે નારાજ ન થયો. તેના માટે તો બધી જગ્યા સમાન હતી. સારા- નરસાનો તેને મોહ ન હતો.

આશુતોષે પિતાના વ્યવસાયને વિકસાવ્યો છે. કમાયો પણ છે. છતાંય એના વ્યવહારમાં ક્યાંય છાક વર્તાતો નથી. એ તો લાગણીનો માણસ છે. જયારે એની પત્ની રીમા અભિમાની છે. એ તો પ્રારંભથી ઈશાન અહીંથી જતો રહે તેની વેતરણમાં રહે છે.એ તો આશુતોષને ઈશાનને 'અર્ણવને ત્યાં પાર્સલ કરી દોને ' એટલે સુધી કહી દે છે.એમાં પુત્ર કરણના મેડિટેશનના પ્રસંગે રીમાને બહાનું મળી જાય છે અને ઈશાનને પોતાના ઘરમાંથી અન્યત્ર ખસેડવામાં સફળ થાય છે. ધીરુબહેને સમાજનું એક ચિત્ર વ્યક્ત કર્યું છે : સ્વકેન્દ્રી વ્યક્તિનું એ ચિત્ર છે.

ઈશાન રજતને કહે છે, “હવે તું સૂઈ જા, રજત ! હું તારી પાસે જ બેઠો છું.’હું તને મૂકીને ક્યાંય નથી જવાનો. અહીંયાં જ છું. તારી પાસે જ. ચાલ, મનમાં મનમાં બોલ જોઉં, આ હાડમાંસનું પૂતળું હું નથી. હું તો અક્ષર અવિનાશી ત્રિકાળબ્રહ્મ છું. હું આનંદસ્વરૂપ છું, હું સર્વશક્તિમાન છે. હું દેહ નથી. મને શૈશવ નથી. યૌવન નથી, જરા નથી, મને રોગ નથી, મૃત્યુ નથી, શોક નથી, ભેષ નથી સચરાચરમાં વ્યાપ્ત સનાતન ચૈતન્ય છું. બોલ ઓમ્... હરિ ઓમ્ " ઇશાનના આ શબ્દોમાં ભારતીય અધ્યાત્મની દૃષ્ટિનાં દર્શન થાય છે. એનું ભીતર કેટલું સમૃદ્ધ છે તેની પ્રતીતિ ભાવકને થયા વગર રહેતી નથી.

સામાન્ય રીતે સમાજમાં બનતું હોય છે એમ ઈશાન અને આશુતોષ બંને ભાઈઓ વચ્ચે સારો પ્રેમ છે. આશુતોષને ઈશાનમાં તેના સ્વર્ગસ્થ પિતાનાં દર્શન થાય છે. પરંતુ પોતાની પત્નીને ખુશ રાખવા આશુતોષને ઈશાનથી છૂટું પડવું પડે છે આશુતોષ અને ઈશાન છૂટા પડ્યા ત્યારે આશુતોષને બહુ દુઃખ થાય છે. આશુતોષને લાગે છે કે એની દુનિયા ખોવાઈ ગઈ છે. આ વખતમાં આ શું થઈ ગયું ? માત્ર લોહીની સગાઈ કે બીજું કશુંક ?

યોગ, સમાધિ, ધ્યાન વગેરે દ્વારા મનની શાંતિ પામીને આત્મસાક્ષાત્કાર કરવાનો માર્ગ ઈશાન મુંબઈના સ્વજનો, પરિચિતોને બતાવે છે. તે ગુરુજીનો આશ્રમ છોડ્યા પછી સંન્યાસી બની રહે છે. મહાનગરોમાં કહેવાતા બાવા, સ્વામીઓ, સંતો વગેરે ધનિકોના વર્ગોને પૈસા મેળવવાની લાલસાથી યોગ શીખવાડે છે; પરંતુ “ઈશાન આવા રવાડે ચઢતો નથી તેને મન ફ્રાન્સિસની ગંદી કોટડી અને નિરંજભાઈનો આલેશાન ફ્લેટ સરખા છે. ઈશાનના આધ્યાત્મિક જીવનના, વ્યક્તિત્વના અને પ્રસંગોનું નિરૂપણ કરીને લેખિકાએ પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, ધર્મ, જીવનનાં ઉચ્ચ મૂલ્યો, આધ્યાત્મિકતા, આત્મસાક્ષાત્કાર વગેરેના સંકેતો આપીને પરંપરાગત ધર્મ- સંસ્કૃતિને ઈશાનના આચારવિચાર દ્વારા, ચરિત્રચિત્રણ દ્વારા વર્તમાન સમયની બૌદ્ધિક હવામાં મૂકી આપે છે. સમાજમાં વસતા લોકો ધન-સંપત્તિની લાલસામાં ઈર્ષ્યા કરે છે, વેરઝેર રાખે છે, પ્રપંચ, કાવાદાવાના ખેલ રચે છે. મુંબઈથી દૂર ઉત્તરકાશી જેવા ગંગામૈયાના સાનિધ્યના સ્પર્શથી પવિત્ર બનેલા સ્થળે રહેતા ઈશાનની ઈર્ષા કરતા, પ્રપંચ કરતા, દ્વેષીલા, સ્વાર્થી, સત્તાધ પ્રતાપગિરિ જેવા સંન્યાસીનું પણ કેમેરાની આંખે ચિત્રણ થયું છે, જે આજના ગાદી લાલચું, ધન લાલચું સાધુઓનું સંતોનું પ્રતિનિધિત્વ કરે છે.

અર્ણવના ઘરે રહેતા ખ્રિસ્તી નોકર ફ્રાન્સીસન ઈશાન સાથે ગુરુ-શિષ્યનો સંબંધ બંધાઈ જાય છે. ફ્રાન્સીસને ઈશાનમાં પોતાના ફાધર હેરિસના દર્શન થાય છે. આથી તે પોતાની ગંદી ઓરડીની સફાઈ કરી ઈશાનની સેવા-ચાકરી કરવા માંડે છે. અર્ણવના એપાર્ટમેન્ટમાં જ રહેતા ધનપતિ નિરંજનભાઈનો પવન તેના જ રહેતા ધનપતિ નિરંજનભાઈના યુવાન સંતાનો રજત અને ઈપ્સિતા ઉત્તરકાશી ગયેલા ત્યારે ઈશાનબાવાના સંપર્કમાં આવેલાં, અહી મુંબઈમાં એક દિવસ અનાયાસે જ ઈપ્સિતા ઈશાનબાબાને જોઈ જાય છે. તે આ વાત પોતાના પિતાને કહે છે.આથી નિરંજનભાઈ ઈશાનને પોતાને ત્યાં તેડી જવાની ઇચ્છા ધરાવે છે.

આ બાજુ અર્ણવને  હવે ઈશાનની કિંમત સમજાય છે. બધી જ વાતમાં સૌથી પ્રથમ પોતાનો સ્વાર્થ જોતો મુંબઈગરો અર્ણવ વિચારે છે કે અબજોપતિ નિરંજનભાઈ પોતાના ઘરે આવે અને ઈશાનને ઘરઘાટી સાથે નાનકડી ખોલકીમાં તો જુએ તો કેવી છાપ પડે ! આથી જ તે ઈશાન માટે સુંદર રૂમ અલાયદો  આપે છે. અર્ણવ ઈશાનના માધ્યમ દ્વારા શ્રીમંત નિરંજનભાઈ સાથે સંબંધ બાંધવા માગે છે.

નિરંજનભાઇનો યુવાન પુત્ર રજત  કોઈ અસાધ્ય બીમારીનો ભોગ બન્યો હોય છે. નિરંજનભાઈ અને ઈપ્સિતા ઇચ્છે છે કે, ઈશાનબાબા પોતાના ઘરે પધારે અને રજતને આશીર્વાદ આપી સાજો કરે. આમ, નિરંજન્માઈ ઈશાનને અર્ણવના ઘરેથી પોતાને ત્યાં તેડી લાવે છે. ઈશાન બીમાર રજતને મળે છે. ઈશાનના સાનિધ્યમાં રજતને સારૂં લાગે છે. ધીમે ધીમે તે સાજો થવા લાગે છે. નિરંજનભાઈ, આને ઈશાનબાબાનો ચમત્કાર માને છે. આ ચમત્કારની વાત ચોમેર  ફેલાઈ જાય છે. લોકો ઈશાનબાબાનાં દર્શન કરવા. આશીર્વાદ મેળવવા આવવા લાગે છે. અર્ણવ અને શાલ્મલી  પણ ઈશાનના ગુણગાન ગાવા લાગે છે.

એક સમયે ઈશાન 'આવી પડેલી ઉપાધિ' લાગતો હતો હવે એ જ ઈશાન આશુતોષ અને રીમા અને અર્ણવ- શાલ્મલી  માટે પોતાનો 'કામનો ભાઈ' બની જાય છે. આશુતોષ અને અર્ણવને લાગે છે કે ઈશાનને સાચવીશું તો બેડોપાર થઈ જશે. એટલે  બંને ભાઈઓ ઈશાનને પોત-પોતાના ઘરે લઈ જવા પડાપડી કરે છે. લેખિકાએ 'સગા બહુ સ્વાર્થના' ઉક્તિને ધ્યાનમાં રાખી કથાના તાણાવાણાને કુશળતાથી ગૂંથ્યા છે.

એક સુવિખ્યાત ચમત્કારી સંન્યાસીના ભાઈ હોવાના નાતે આશુતોષ અને અર્ણવના જીવનનાં અનેક પરિમાણો વધી જાય છે. બંનેને થાય છે કે ઈશાનને પહેલેથી જ સારી રીતે રાખ્યો હતો તો આમ પાછો લઈ જવા માટે ફાંફાં મારવાં ન પડત ! એ વિચારથી બંનેને પસ્તાવો થવા લાગે છે. ઈશાનને પોતાને ત્યાં લઈ જઈ તેના પર કબજો જમાવવા આશુતોષ અને અર્ણવ વચ્ચે હરીફાઈ જામે છે. કેમ કે બંને માને છે કે ઈશાન આપણે ત્યાં રહેશે તો એની ભેગો આપણોય બેડો પાર થઈ જશે,

ઈશાનના મનોમંથન, તેની નિર્વિકારતા, તેની સાધના તેની સૃષ્ટિએ દરેકને ધીરુબહેન ઝીણવટપૂર્વક આલેખે છે. ઈશાનની આધ્યાત્મિક શક્તિ દર્શાવવી, તેના આંતરિક મનના જગતને નિરૂપવું એ કપરું કાર્ય છે. જે ધીરુબહેને મનોવૈજ્ઞાનિક ઢબે તેનું વિશ્લેપણ કરી આપણી સમક્ષ રજૂ કરે છે. તેમાં કોઈ ઊણપ દેખાતી નથી. આવા પાત્રોના આંતરિક વિચારોને દર્શાવતી લઘુનવલ કે સાહિત્ય  આપણા સાહિત્યમાં જ્વલ્લે જ જોવા મળે. તેની સાથે આજુબાજુનાં પાત્રો દ્વારા નાયકની શક્તિઓને બહાર લાવવી એ પણ  કલ્પનાશીલ કે સ્વપ્ન દ્વારા નહી પણ વાસ્તવિકતાને  સાથે રાખી મુખ્ય પાત્રના સંઘર્ષને વ્યક્ત કરે છે.

એક તરફ કે સંસારી જીવ પોતાના સ્વાર્થ માટે ઈશાનનો કબજો મેળવવા ઝંખે છે. ત્યારે યોગભ્રષ્ટ આત્મા જેવો ઈશાન પોતાનું કાર્ય પૂર્ણ થયાનું માની ગુરુવચનને સહારે  અનંતની શોધમાં નીકળી પડવા

માગતો હોય છે. સાજો થઈ ચૂકેલો રજત વધુ  સારી સારવાર માટે સ્વિટ્ઝરલેન્ડ જવા તૈયાર થઈ જાય છે. ઈશાનબાબાના કારણે કે આ અશક્ય વાત શક્ય બની એમ માનતા નિરંજનભાઈ અને ઈપ્સિતા કાયમને માટે  ઈશાનને પોતાના ઘરે રોકાઈ જવા વિનવે છે. પણ ઈશાનને કોઈ જ માયા સ્પર્શી શકતી નથી. અને એ ચાલ્યો જાય છે....

ડૉ.હેતલ ગાંધીના મતે, “લઘુનવલમાં રાગ-વિરાગ, સંસાર-સંન્યાસી ભૌતિકવાદી-અધ્યાત્મવાદ, વ્યવહારજગત કે અવ્યવહારુ અલગારી વિરક્ત સંન્યાસીનું ઉર્ધ્વ , મંગલમય ભાવજગત, વિચારજગત, આ બધા ભાવો,સંઘર્ષ કથાના કેન્દ્રમાં છે. અહીં બાહ્ય-ભીતરના તથા સ્થૂળ-સૂક્ષ્મ સંઘર્ષનું નિરૂપણ થયું છે. પાત્રોનાં માનસ, વૃત્તિ વલણો આચાર-વિચારને સ્ફૂટ કરવા સંવાદોમાંથી લેખિકાનું જીવનદર્શન પણ વ્યંજિત થાય છે. કથાપ્રવાહને અવરોધે તેને નુકસાન પહોંચાડે કે પછી ભારેખમ લાગે તેવી કોઈ પ્રયુક્તિઓ પ્રયોજી નથી. અંતરમુખી ઈશાન ખપ પૂરતું જ બોલે છે. કેટલીકવાર તો 'અચ્છા !' જેવા એક જ શબ્દથી ધાર્યો પ્રભાવ પાડીને કેટકેટલું સૂચવી દે છે ! અનિવાર્ય હોય એટલું જ બોલે છે અને અનિવાર્ય પાત્રોનો જ તેની સાથે સંપર્ક થાય છે. સંવાદો ટૂંકા અને ધારદાર છે આ આખી લઘુનવલમાં પાત્રો, પાત્રો સાથેના તેમની વિલક્ષણતા દર્શાવતા સંવાદો, લેખિકાએ કરેલું ખૂબ ઓછા સમયના પટ પર આયોજન સંયોજન એ લઘુનવલની વિશેષતા બને છે.’’

‘આગન્તુક ’ લોહીના સંબંધોની ઉપલકતા અને સ્વાર્થભર્યા સાંસારિક સંબંધોની પોકળતાને ઈશાનના નિર્લેપ અને નિર્મોહી વ્યક્તિત્વની વિરુદ્ધ સાદી, સરળ છતાં અર્થસભર ભાષામા મૂકી આપે છે. રોચક વસ્તુગૂંફન, પ્રવાહી ભાષા, હૃદયની ગૂઢ લાગણીઓનું આલેખન તથા માનવમનનાં ઊંડાણોને તાગવાની મથામણ-એ એમની વાર્તાઓની વિશેષતા છે, તો લાંબી ભૂમિકા અને ક્વચિત્ બિનજરૂરી કે અસંબદ્ધ પ્રસંગોની પસંદગીથી આવતું પાંખાપણું એ મર્યાદા છે. પણ સમગ્રતયા આ લઘુનવલ ધીરુબહેનની પ્રતિષ્ઠિત કૃતિ બની રહે છે.

**સંદર્ભગ્રંથો**:

૧) ધીરુબહેન પટેલની સર્જનયાત્રા : ડૉ હેતલ ગાંધી

૨) તાદર્થ્ય સામયિક ,ઓગસ્ટ ૨૦૧૨

૩) આગન્તુક : ધીરુબહેન પટેલ